ફેકસ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

Fax : (079) 2630 2654
Telephone : 26301341-26300342-43
26300126
Telegram : UNIGUJARAT

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
## GUJARAT UNIVERSITY
**( NAAC Accredited B ++ )**
**www.gujaratuniversity.org.in**

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોકસ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010, VARANGPURA,
AHMEDABAD-380009. (INDIA)

નં. આર/૩૨૦૧૧ /૨૦૧૬

તા. ૨૧/૧૨/૨૦૧૬

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અમદાવાદ શહેરની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા ભવનના તથા વિભાગના વડાશ્રીઓ તરફ.

શ્રીમાન,

માન.કુલપતિશ્રીના આદેશ અનુસાર આ સાથે સામેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરશ્રીના તા.૨૦-૧૨-૨૦૧૬ના પત્રની (બીડાણ સામેલ છે) વિગતો ધ્યાને લેતા "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરવા બાબતે ગુજરાત યુનિવર્સિટીના તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા ભવનના અધ્યક્ષશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ને સત્વરે જરૂરી સહયોગ અને કાર્યવાહી કરવા વિનંતી છે.

કા.કુલસચિવ

બિડાણ :- ઉપર મુજબ.

564-320-12-2016

**મુકેશકુમાર,** આઈ.એ.એસ.
મ્યુનિસિપલ કમિશનર

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
સરદાર પટેલ ભવન, અમદાવાદ-૩૮૦૦૦૧. ભારત

મહાનગર સેવા સદન

તા.૨૦-૧૨-૨૦૧૬

પ્રતિ,

વાઈસ ચાન્સેલરશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ.

**વિષય: "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરવા બાબત..**

ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે ભારત સરકારશ્રી દ્વારા ખુલ્લામાં શૌચક્રિયા મુકત, ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી, સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા "સ્વચ્છ ભારત અભિયાન" કાર્યક્રમનો તા.૦૨/૧૦/૨૦૧૪ થી શુભાંરભ કરવામાં આવેલ. આ સ્વચ્છ ભારત મીશનના ધ્યેયને સિધ્ધ કરવા તેમજ સ્વચ્છતામાં અમદાવાદ શહેરનો મોખરાનું સ્થાન પ્રાપ્ત કરેલ તે હેતુસર અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા થીમેટીક સ્પે.ડ્રાઈવનું આયોજન, વ્યકિતગત શૌચાલયો બનાવવા, જન જાગૃતિ કેળવાય તે હેતુસર સફાઈ રેલી, શેરી નાટક, પપેર શો, સીનીયર સીટીઝન સાથે ગૃપ મીટીંગનું આયોજન કરવું, હોર્ડીંગ્સ તથા બેનર લગાડવા, સ્વચ્છતા ગ્રહીની નિમણૂંક વગેરે પ્રકારની કામગીરી કરવામાં આવી રહેલ છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત જાન્યુઆરી-૨૦૧૭ના પ્રથમ સપ્તાહથી દેશના ૫૦૦ શહેરમાં સ્વચ્છતા સર્વેક્ષણ શરુ થનાર છે. આ સર્વેક્ષણ દરમ્યાન કરવાની થતી વિવિધ કામગીરી / કાર્યક્રમોમાં શહેરના નાગરીકોનો સહયોગ લેવો ખુબ જ જરુરી છે. જેથી શહેરના નાગરીકો દ્વારા મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરીને ફીડબેક લેવામાં આવશે. આ મોબાઈલ સ્વચ્છતા એપ દ્વારા કોઈ પણ સમસ્યા જેવી કે કચરાની ગાડી ન આવી હોય, મૃત પશુ, કચરો ના વાળ્યો હોય, જન શૌચાલયની સફાઈ, કચરાપેટીની સફાઈ, કચરાનો ઢગલો, વિગેરે સમસ્યાનો ઝડપી ઉકેલ લાવી શકાશે. સદર મોબાઈલ સ્વચ્છતા એપ વધુને વધુ લોકો ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરી તે ખાસ જરુરી છે કારણ કે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૭માં મોબાઈલ સ્વચ્છતા એપના ઉપભોકતાને ધ્યાનમાં લઈ માર્કસ આપવામાં આવશે. સ્વચ્છતા સર્વેક્ષણના રેન્કીંગમાં અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન મોખરાનું સ્થાન મેળવે તે હેતુસર જ આપશ્રીના તાબા હેઠળના તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા અન્ય લોકો દ્વારા પ્લે સ્ટોર / એપ સ્ટોરમાં જઈ swachhata-MoUD મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરી, તેનો બહોળો ઉપયોગ કરે તે અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

મ્યુનિસિપલ કમિશનર